આંક:–

દાખલ તારીખ:–૧૧/૦૨/૨૦૨૫

રજિસ્ટર તારીખ:–૧૧/૦૨/૨૦૨૫

નિકાલ તારીખ:–૨૮/૦૪/૨૦૨૬

સમયગાળો :–વર્ષ માસ દિવસ

૦૧ ૦૨ ૧૭

= =

ગાંધીધામના મહે. અધિક જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. તા. ગાંધીધામ–કચ્છ.

= =

ફોજદારી કેસ નંબર : ૭૯૭/૨૦૨૫

==========

શ્રી સરકાર..... ==== ફરિયાદી.

વિરુદ્ધ

(૧) વિનોદ દશરથભાઈ સાધુ
ઉ.વ : ૨૭, ધંધો : પ્રા.નોકરી,
રહેવાસી : વિનાયકનગર, નવી ભચાઉ–કચ્છ.

(૨) સંજયભાઈ મનોહરભાઈ પમવાણી
ઉ.વ : ૪૦, ધંધો : ગેરેજ,
રહેવાસી : પ્લોટ નં.–૪૩૨, વોર્ડ નં–૬/એ,
આદીપુર, ગાંધીધામ–કચ્છ.

(૩) ગણેશભાઈ મનસુખભાઈ પ્રજાપતિ
રહે. નવી સુંદરપુરી, રામબાગ રોડ, બારોટની સામે,
ગાંધીધામ–કચ્છ. **==== આરોપીઓ.**

= =

ગુનો :–પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબનો....

= =

ફરિયાદપક્ષ તરફે :– વિદ્વાન એ.પી.પી. શ્રી બી.એચ.પટેલ.

આરોપીપક્ષ તરફે :– વિદ્વાન વકીલ શ્રી જી.વી.મનાણી.

= =

– :: ચુકાદો :: –

(૧) આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓએ એક ઈસમ નાઓએ મુંબઈથી પાર્સલની અંદર વિદેશી દારૂની બોટલો ગાંધીધામ મધ્યે આવેલ કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવી આ કામના આરોપી નં– ૧ તથા ૨ નાઓને ભાડે ગાડી કરી પોતાના સુધી આ વિદેશી દારૂ પહોંચાડવાનુ જણાવતા આ કામના આરોપી આરોપી નં– ૧ તથા ૨ નાઓએ અલ્ટો કારના રજી. નં.–જી.જે.૧૨–એઈ–૩૨૨૨ કિં.રૂ.૮૦,૦૦૦/– થી ટ્રાન્સપોર્ટની ઓફીસે જઈ તથા આ કામના આરોપી નં–૧ નાઓએ આરોપી નં–૩ નાઓને સદર વિદેશી દારૂનુ પાર્સલ લેવા માટે બોલેરો ગાડી રજી નં.જી.જે.–૦૬–એ.એકસ–૦૪૮૦ જેની કિં.રૂ.૨,૫૦,૦૦૦/– થી ટ્રાન્સપોર્ટ ઓફીસ મોકલી આ કામના આરોપીઓ ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો નંગ–૩૦ કિં.રૂ.૧૪,૨૫૦/– ના પ્રોહી મુદામાલ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિં.રૂ.૧૫,૦૦૦/– તથા વાહન એમ કુલ્લે કિં.રૂ.૩,૫૯,૨૫૦/– ના મુદામાલ સાથે દારૂની હેરફેર કરી **ગુજરાત પ્રોહિબીશન એકટ : ૨૦૧૬ (સુધારા) અધિનિયમની કલમ : ૬૫(એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧** મુજબના ગુનાનીફરિયાદ ફરિયાદીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં

આપતા સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા આ બનાવની ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલી, આરોપીઓ વિરુધ્ધ ગુનાની તપાસ પોલીસ સ્ટેશન દ્વારા હાથ ધરવામાં આવતા આ ગુનાની તપાસ કર્યા બાદ તપાસના અંતે તપાસ અમલદાર દ્વારા ફકત આ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે. આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે, ત્યાર બાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૦૭ અન્વયે ચાર્જશીટની નકલ આપવામાં આવેલ છે.

(૨) વધુમાં સદર કામે આગળ વધતા પહેલા એ નોંધનીય છે કે, **નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા નિર્ણીત ક્રી.મીસ.એપ્લી નં–૮૮૯૨–૨૦૧૮ જયંતીભાઈ મકનભાઈ ડામોરના** ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, પ્રોહી એક્ટ અન્વયેના ગુનાઓ ટ્રાયલ બાય મેજીસ્ટ્રેટ છે. જેથી સદર ચુકાદાના નિર્ણયાધારને ધ્યાને લઈ આ કામના આરોપીઓ વિરુધ્ધ ક્રી.પ્રો.કોડની કલમ–૨૪૦ અન્વયે **આંક : ૦૫ થી** તહોમતનામુ ફરમાવી આરોપીઓ ની **આંક : ૦૬ થી આંક : ૦૮ થી** પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતાં હાલનું કામ ફરિયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલું.

(૩) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

–: મૌખિક પુરાવા :–

ક્રમ	સાહેદનું નામ	આંક
૧.	પંચસાહેદ શિવરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલાની જુબાની.	૧૩
૨.	પંચસાહેદ રૂસ્તમશા ઈમામશા દીવાનની જુબાની.	૧૫
૩.	સાહેદ ખોડુભા નરેન્દ્રસિંહ ચુડાસમાની જુબાની.	૧૭
૪.	ફરીયાદી ઈશ્વરસિંહ ઘનશ્યામસિંહ જાડેજાની જુબાની.	૧૮

– : દસ્તાવેજી પુરાવા :–

ક્રમ	દસ્તાવેજની વિગત.	આંક
૧.	પંચનામું	૧૪
૨.	ફરીયાદ	૧૯

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં આ કામના આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ : ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં તેઓએ જણાવેલ કે તેઓ નિર્દોષ છે અને તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી. સદર કામે ગુનાનો ઈનકાર કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૫) ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.(૧). શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીનાઓએ એક ઈસમ નાઓએ મુંબઈથી પાર્સલની અંદર વિદેશી દારૂની બોટલો

ગાંધીધામ મધ્યે આવેલ કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવી આ કામના આરોપી નં– ૧ તથા ૨ નાઓને ભાડે ગાડી કરી પોતાના સુધી આ વિદેશી દારૂ પહોંચાડવાનુ જણાવતા આ કામના આરોપી આરોપી નં– ૧ તથા ૨ નાઓએ અલ્ટો કારના રજી. નં.–જી.જે.૧૨–એઈ–૩૨૨૨ કિં.રૂ.૮૦,૦૦૦/– થી ટ્રાન્સપોર્ટની ઓફીસે જઈ તથા આ કામના આરોપી નં–૧ નાઓએ આરોપી નં–૩ નાઓને સદર વિદેશી દારૂનુ પાર્સલ લેવા માટે બોલેરો ગાડી રજી નં.જી.જે.–૦૬–એ.એકસ–૦૪ ૮૦ જેની કિં.રૂ.૨,૫૦,૦૦૦/– થી ટ્રાન્સપોર્ટ ઓફીસ મોકલી આ કામના આરોપીઓ ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો નંગ–૩૦ કિં.રૂ.૧૪,૨૫૦/– ના પ્રોહી મુદામાલ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિં.રૂ.૧ ૫,૦૦૦/– તથા વાહન એમ કુલ્લે કિં .રૂ.૩,૫૯,૨૫૦/– ના મુદામાલ સાથે દારૂની હેરફેર કરી **ગુજરાત પ્રોહિબીશન એકટ:૨૦૧૬ (સુધારા) અધિનિયમની કલમ:૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૯૮(૨),૮૧** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં. (૨). શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧). નકારમાં.

મુદ્દા નં. (૨). આખરી હુકમ મુજબ.

–:: નિર્ણયના કારણો ::–

–––––––––––––––

(૮) **<u>મુદ્દા નં.૧ : –</u>**

આ કામે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ઉપરોકત પેરા : ૩ માં ચર્ચા કર્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે તે ધ્યાને રાખતા ફરિયાદ પક્ષે સૌ પ્રથમ આ કામે મહત્વના સાહેદો એવા સાહેદોનો પુરાવો જોવામાં આવે તો ઉપરોકત સાહેદોને ફરિયાદ પક્ષે તપાસેલા છે.

(૯) **ફરિયાદપક્ષે પંચ સાહેદ શિવરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલા નાઓને આંક:૧૩ થી** તપાસવામાં આવેલા છે. સદરહુ પંચસાહેદ તેઓની સરતપાસમાં જણાવે છે કે, ''હું પંચનામા અંગે કાંઈ જાણતો નથી. પોલીસે મને લખેલા કાગળમાં સહી કરવાનું કેતા મે સહિ કરી આપેલી. મને પંચનામું બતાવવામાં આવે છે. તેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે. જેને રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવે છે.''

આમ, પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ ન હોઈ તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી

ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''સાહેદને પંચનામાની વિગત વાંચી સંભળાવતા તેમની રૂબરૂ આવુ કોઈ પંચનામુ થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ.''

(૧૦) **ફરિયાદપક્ષે પંચસાહેદ રૂસ્તમશા ઈમામશા દીવાન નાઓને આંક:૧૫ થી** તપાસવામાં આવેલા છે. સદરહુ પંચસાહેદ તેઓની સરતપાસમાં જણાવે છે કે, ''હું પંચનામા અંગે કાંઈ જાણતો નથી. પોલીસે મને લખેલા કાગળમાં સહી કરવાનું કેતા મે સહિ કરી આપેલી. મને આંક–૧૪ વાળું પંચનામું બતાવવામાં આવે છે. તેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવું છું.''

આમ, સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ ન હોઈ તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''સાહેદને પંચનામાની વિગત વાંચી સંભળાવતા તેમની રૂબરૂ આવુ કોઈ પંચનામુ થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ.''

(૧૧) **ફરિયાદપક્ષે સાહેદ ખોડુભા નરેન્દ્રસિંહ ચુડાસમાનાઓને આંક:૧૭ થી** તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદ

તેઓની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૧૪/૦૯/૨૩ ના અમો તથા પોહેકો લાખાભાઈ તથા ઈશ્વરસિંહ તથા પુષ્પરાજસિંહ પ્રા.વાહનથી પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા ગાંધીધામ જીઆઈડીસી મધ્યે આવતા અમોને બાતમી મળેલ કે સાવન ભરતભાઈ જોષી રહે. ભચાઉ વાળો મુંબઈ થી વિદેશી દારૂની બોટલોનુ પાર્સલ કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટમા મંગાવેલ છે જે પાર્સલ લેવા માટે તેના માણસો બોલેરોથી આવવાના છે તેવી હકીકત મળતા નજીકમાથી બે પંચોના માણસો બોલાવી પંચો તથા પો.સ્ટાફના માણસોએ એકબીજાની અંગઝડતી કરતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહિ જેથી બાતમીવાળી જગ્યાએ વોચમા ઉભેલ હતા તે દરમ્યાન બોલેરો પીકઅપ ડાલો આવેલ અને તેની અંદર એક ઈસમ મોટુ બોકસ ઉપાડીને મુકતા જે ઈસમને રોકી તેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ગણેશ મનસુખ પ્રજાપતિ ઉવ.૪૪ રહે. રામબાગ રોડ નવી સુંદરપુરી ગાંધીધામ વાળો હોવાનુ જણાવેલ જેથી તેને આ બોકસમા રહેલ માલસમાન બાબતે પુછતા પોતાને આ બોકસ લેવા માટે બીજા ગેટ પાસે અલ્ટો ગાડીથી ઉભેલ વિનોદ સાધુ મોબાઈલ નં.૭૫૬૭૭૩૭૭૭૦ વાળાએ જણાવેલ છે અને આ બોકસની અંદર દારૂની બોટલો છે જેથી પંચો સાથે કચ્છ હાઈવેના બીજા ગેટ પાસે આવતા ત્યાં બે ઈસમો અલ્ટો ગાડીથી ઉભા જોવામા આવતા જે બંને ઈસમોને પકડી પાડી બંને ઈસમોના વારફરતી નામઠામ પુછતા ૧.વિનોદ દશરથ સાધુ ઉવ.૨૭ રહે. વિનાયકનગર નવી

ભચાઉ,ર. સંજય મનોહર પમનાણી ઉવ.૪૩,રહે. આદિપુર વાળો હોવાનુ જણાવેલ તેઓને બોકસ બાબતે પુછતા આ બોકસ મુંબઈ થી ટ્રાન્સપોર્ટ મારફતે આવેલ અને તેમા વિદેશી દારૂની બોટલો છે દારૂ ભચાઉ મધ્યે રહેતા સાવન ભરતભાઈ જોષીએ મંગાવેલ છે અને અમારે આ બોકસ પહોંચાડવાના હતા બોકસને બોલેરોમાથી નીચે ઉતારી જોતા કાગળોના પેકીંગ વચ્ચે ભારતીય બનાવટની પ્લાસ્ટીકની અલગ અલગ બ્રાંન્ડની એક લીટર તથા સાતસો પચાસ એમએલની ક્ષમતાવાળી બોટલો મળી આવેલ સદર દારૂ પોતાની પાસે રાખવા બાબતે પાસ,પરમીટની માંગણી કરતા નહિ હોવાનુ જણાવેલ જે બોટલો જોતા

૧.એઈટ પીએમ સ્પે. વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૬ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૩૦૦૦ ની કબજે કરેલ.

૨.બેગપાઈપર ડિલક્ષ વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૯ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૪૫૦૦ ની કબજે કરેલ.

૩.ઓફિસર ચોઈસ પ્રેસ્ટીજ વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૫ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૨૫૦૦ ની કબજે કરેલ.

૪. ડિરેકટોર્સ સ્પે. વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૫ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૨૫૦૦ ની કબજે કરેલ.

પ.હેવર્ડ ફાઈન વોડકા ના માર્કાવાળી ૭૫૦ એમ એલ ની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૫ જે એક બોટલની કિ.રૂા.૩૫૦/– લેખે કુલ કિ.રૂા.૧૭૫૦ ની કબજે કરેલ.

જે ઉપરોકત મળી આવેલ વિદેશી દારૂની બોટલોમાથી એક એક બ્રાન્ડની બોટલ શેમ્પલ તરીકે કાઢી લઈ કબજે કરેલ. મજકુર ઈસમને સદર પાર્સલ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે ભચાઉના સાવન ભરતભાઈ જોષી મો.નં.૯૮૨૫૩૩૨૩૨૬ વાળાએ મંગાવેલ હતુ પંચો રૂબરૂ ત્રણે ઈસમોની વારફરતી ઝડતી કરતા ૧.ગણેશ પ્રજાપતિની ઝડતી ઓપો કંપની નો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૧ કિ. રૂા.૧૦,૦૦૦/–,૨.વિનોદ સાધુ ની ઝડતી માથી સેમસંગ કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૧ કિ.રૂા.૫૦૦૦/– નો મળી આવેલ તથા બોલેરો ગાડી જેના રજી. જીજે૦૬ એએકસ ૦૪૮૦ જેની કિ.રૂા.૨,૫૦,૦૦૦/ ગણેલ તેમજ અલ્ટો જેના રજી. નં.જીજે૧૨ એઈ ૩૨૨૨ જેની કિ.રૂા.૮૦,૦૦૦/ ગણી કબજે કરેલ આ સિવાય ત્રણે ની અંગઝડતી તેમજ વાહનો માથી બીજી કોઈ વાંધજનક ચીજવસ્તુ મળી આવેલ નથી. જે અંગેનુ પંચનામુ પોહેકો જયેન્દ્રસિંહ જાડેજા ના રૂબરૂનુ કલાક ૧૫:૦૦ થી ૧૬:૩૦ વાગ્યા સુધી નુ કરેલ. નામદાર કોર્ટની સુચના મુજબ કોવિડ–૧૯ નુ ટેસ્ટ કરાવ્યા બાદ અટક કરવાના રહેતા હોય પંચનામુ પુરૂ થયે ત્રણે ઈસમોને રાઉન્ડ અપ કર્યાના કારણોની સમજ કરી રાઉન્ડ અપ કરવામા આવેલ. આ રેડ અમો સાથે હતા અને સુચના મુજબ કામ કરેલ અને સાથે ના પોકોન્સ ઈશ્વરસિંહ જાડેજાએ શ્રી સરકાર

તરફે ફરીયાદ આપેલ છે. જે બાબતે મારુ નિવેદન નોંધવામા આવેલ.''

જયારે ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, ''એ વાત ખરી છે કે પોસ્ટે મા સ્ટેશન ડાયરી નિભાવવામા આવતી હોય છે. એ વાત ખરી છે કે આ સ્ટેશન ડાયરીમા પેટ્રોલીંગની નોંધ કરવામા આવતી હોય છે. એ વાત ખરી છે કે પેટ્રલીંગમા નીકળતા પહેલા સ્ટે.ડા.મા નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે અમો પેટ્રલીંગમા કેટલા વાગે નીકળેલા અને બનાવસ્થળે કેટલા વાગે પહોચેલા તેનો કોઈ ઉલ્લેખ મારા નિવેદનમા કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે પ્રા.વા.ના રજી.નંબર કે પ્રકાર મારા નિવેદનમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવવાળો વિસ્તાર એ ભરચક વિસ્તાર છે અને ત્યા સતત માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે મારા નિવેદનમા પંચોના નામઠામ જણાવેલ નથી કે અમોએ પંચોને બોલાવેલા નથી. એ વાત ખરી નથી કે બાતમી અમોને મળેલ નહિ. એ વાત ખરી નથી કે પંચોની તથા પો.સ્ટાફના માણસોની અંગઝડતી અમોએ કરેલ નથી. એ વાત ખરી છે કે કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ ની માલિકી અંગે અમોએ કોઈ આધાર કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતા આરોપી પાસેથી અમોએ કોઈ મુદદામાલ કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે અમે આવી કોઈ રેડમા ગયેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તથા અમારી સારી કામગીરી બતાવવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે સરતપાસમા

જણાવેલ હકીકતો સોગંદ ઉપર ખોટી જણાવુ છુ. ''

(૧૨) **ફરીયાદપક્ષે ફરીયાદી ઈશ્વરસિંહ ઘનશ્યામસિંહ જાડેજા નાઓને આંક–૧૮ થી** તપાસવામાં આવેલા છે. સદરહુ ફરીયાદી તેઓની સરતપાસમાં જણાવે છે કે, ''ગઈ તા.૧૪/૦૯/૨૩ ના અમો તથા પોહેકો લાખાભાઈ તથા ખોડુભા ચુડાસમા તથા પુષ્પરાજસિંહ પ્રા.વાહનથી પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા ગાંધીધામ જીઆઈડીસી મધ્યે આવતા અમોને બાતમી મળેલ કે સાવન ભરતભાઈ જોષી રહે. ભચાઉ વાળો મુંબઈ થી વિદેશી દારૂની બોટલોનુ પાર્સલ કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટમા મંગાવેલ છે જે પાર્સલ લેવા માટે તેના માણસો બોલેરોથી આવવાના છે તેવી હકીકત મળતા નજીકમાથી બે પંચોના માણસો બોલાવી પંચો તથા પો.સ્ટાફના માણસોએ એકબીજાની અંગઝડતી કરતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહિ જેથી બાતમીવાળી જગ્યાએ વોચમા ઉભેલ હતા તે દરમ્યાન બોલેરો પીકઅપ ડાલો આવેલ અને તેની અંદર એક ઈસમ મોટુ બોકસ ઉપાડીને મુકતા જે ઈસમને રોકી તેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ ગણેશ મનસુખ પ્રજાપતિ ઉવ.૪૪ રહે. રામબાગ રોડ નવી સુંદરપુરી ગાંધીધામ વાળો હોવાનુ જણાવેલ જેથી તેને આ બોકસમા રહેલ માલસમાન બાબતે પુછતા પોતાને આ બોકસ લેવા માટે બીજા ગેટ પાસે અલ્ટો ગાડીથી ઉભેલ વિનોદ સાધુ મોબાઈલ નં.૭૫૬૭૭૩૭૭૭૦ વાળાએ જણાવેલ છે અને આ બોકસની અંદર દારૂની બોટલો છે જેથી પંચો સાથે કચ્છ હાઈવેના બીજા ગેટ

પાસે આવતા ત્યાં બે ઈસમો અલ્ટો ગાડીથી ઉભા જોવામા આવતા જે બંને ઈસમોને પકડી પાડી બંને ઈસમોના વારફરતી નામઠામ પુછતા ૧.વિનોદ દશરથ સાધુ ઉવ.૨૭ રહે. વિનાયકનગર નવી ભચાઉ,૨. સંજય મનોહર પમનાણી ઉવ.૪૩,રહે. આદિપુર વાળો હોવાનુ જણાવેલ તેઓને બોકસ બાબતે પુછતા આ બોકસ મુંબઈ થી ટ્રાન્સપોર્ટ મારફતે આવેલ અને તેમા વિદેશી દારૂની બોટલો છે દારૂ ભચાઉ મધ્યે રહેતા સાવન ભરતભાઈ જોષીએ મંગાવેલ છે અને અમારે આ બોકસ પહોંચાડવાના હતા બોકસને બોલેરોમાથી નીચે ઉતારી જોતા કાગળોના પેકીંગ વચ્ચે ભારતીય બનાવટની પ્લાસ્ટીકની અલગ અલગ બ્રાંન્ડની એક લીટર તથા સાતસો પચાસ એમએલની ક્ષમતાવાળી બોટલો મળી આવેલ સદર દારૂ પોતાની પાસે રાખવા બાબતે પાસ,પરમીટની માંગણી કરતા નહિ હોવાનુ જણાવેલ જે બોટલો જોતા

૧.એઈટ પીએમ સ્પે. વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૬ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૩૦૦૦ ની કબજે કરેલ.

૨.બેગપાઈપર ડિલક્ષ વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૯ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૪૫૦૦ ની કબજે કરેલ.

૩.ઓફિસર ચોઈસ પ્રેસ્ટીજ વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૫ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૨૫૦૦ ની કબજે કરેલ.

૪. ડિરેકટોર્સ સ્પે. વ્હીસ્કી ના માર્કાવાળી ૧ લીટરની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૫ જે એક બોટલની કિ.રૂા.૫૦૦/– લેખે કુલ કિ.રૂા.૨૫૦૦ ની કબજે કરેલ.

૫. હેવર્ડ ફાઈન વોડકા ના માર્કાવાળી ૭૫૦ એમ એલ ની પ્લાસ્ટીકની સીલબંધ બોટલ નંગ–૫ જે એક બોટલની કિ.રૂા.૩૫૦/– લેખે કુલ કિ.રૂા.૧૭૫૦ ની કબજે કરેલ.

જે ઉપરોકત મળી આવેલ વિદેશી દારૂની બોટલોમાથી એક એક બ્રાન્ડની બોટલ શેમ્પલ તરીકે કાઢી લઈ કબજે કરેલ. મજકુર ઈસમને સદર પાર્સલ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે ભચાઉના સાવન ભરતભાઈ જોષી મો.નં.૯૮૨૫૩૩૨૩૨૬ વાળાએ મંગાવેલ હતુ પંચો રૂબરૂ ત્રણે ઈસમોની વારફરતી ઝડતી કરતા ૧.ગણેશ પ્રજાપતિની ઝડતી ઓપો કંપની નો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૧ કિ.રૂા.૧૦,૦૦૦/–,૨.વિનોદ સાધુ ની ઝડતી માથી સેમસંગ કંપનીનો એન્ડ્રોઈડ મોબાાઈલ ફોન નંગ–૧ કિ.રૂા.૫૦૦૦/– નો મળી આવેલ તથા બોલેરો ગાડી જેના રજી. જીજે૦૬ એએકસ ૦૪૮૦ જેની કિ.રૂા.૨,૫૦,૦૦૦/ ગણેલ તેમજ અલ્ટો જેના રજી. નં.જીજે૧૨ એઈ ૩૨૨૨ જેની કિ.રૂા.૮૦,૦૦૦/ ગણી કબજે કરેલ આ સિવાય ત્રણે ની અંગઝડતી તેમજ વાહનો માથી બીજી કોઈ વાંધજનક ચીજવસ્તુ મળી આવેલ નથી. જે અંગેનુ પંચનામુ પોહેકો જયેન્દ્રસિંહ જાડેજા ના રૂબરૂનુ કલાક ૧૫:૦૦ થી ૧૬:૩૦ વાગ્યા સુધી નુ કરેલ. નામદાર કોર્ટની સુચના મુજબ કોવિડ–૧૯ નુ ટેસ્ટ કરાવ્યા બાદ અટક કરવાના રહેતા હોય

પંચનામુ પુરૂ થયે ત્રણે ઈસમોને રાઉન્ડ અપ કર્યાના કારણોની સમજ કરી રાઉન્ડ અપ કરવામા આવેલ.ત્યારબાદ અમોએ આ કામે ગાંધીધામ બી ડિવિ પોસ્ટે મા ફરીયાદ આપેલી મને ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. જેને રજુ દા.આંક.૧૯ આપવામાં આવેલ છે.''

જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે પોસ્ટે મા સ્ટેશન ડાયરી નિભાવવામા આવતી હોય છે. એ વાત ખરી છે કે આ સ્ટેશન ડાયરીમા પેટ્રોલીંગની નોંધ કરવામા આવતી હોય છે. એ વાત ખરી છે કે પેટ્રલીંગમા નીકળતા પહેલા સ્ટે.ડા.મા નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે અમો પેટ્રલીંગમા કેટલા વાગે નીકળેલા અને બનાવસ્થળે કેટલા વાગે પહોચેલા તેનો કોઈ ઉલ્લેખ મારા નિવેદનમા કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે પ્રા.વા.ના રજી.નંબર કે પ્રકાર મારા નિવેદનમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવવાળો વિસ્તાર એ ભરચક વિસ્તાર છે અને ત્યા સતત માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમા પંચોના નામઠામ જણાવેલ નથી . એ વાત ખરી છે કે બાતમી અમોને મળેલ નહિ. એ વાત ખરી નથી કે પંચોની તથા પો.સ્ટાફના માણસોની અંગઝડતી અમોએ કરેલ નથી. એ વાત ખરી છે કે કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટ ની માલિકી અંગે અમોએ કોઈ આધાર કબજે કરેલ નથી.એ વાત ખરી નથી કે અમે આવી કોઈ રેડમા ગયેલ નથી. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે સરતપાસમા જણાવેલ હકીકતો સોગંદ ઉપર

ખોટી જણાવુ છુ. ''

(૧૩) આમ, જ્યારે સદર કામે મુદ્દામાલ રીકવરીના પંચસાહેદ ફરિયાદ પક્ષ દ્વારા વિમુખ થયેલા જાહેર કરાયેલ હોઇ **નામદાર બોમ્બે વડી અદાલત દ્વારા નિર્ણીત મહારાષ્ટ્ર રાજ્ય વિ. ઓમકાર માનીક પાટીલ ક્રી.લો.રીપોર્ટર (એમ.એચ) 1979 પાના નંબર : 421** નો ચુકાદો ધ્યાને લેતા જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં પણ આવે તો પણ સદર કામે આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવવાનો સંભવ નથી. આ કામે અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા હોય તેવું ચાર્જશીટ જોતા ફલિત થતુ નથી.

(૧૪) વધુમાં, **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ પટેલ** નો ચુકાદો જોવામાં આવે તો જયારે પંચો સમર્થન કરતા નથી ત્યારે ફરિયાદીના પુરાવા પર આધાર રાખી શકાય નહીં તેવું નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનામાં પંચનામું અને પંચસાહેદ મહત્વનો પુરાવો છે, પરંતુ ફરિયાદપક્ષની કોઈ વિગતોને લેશ માત્ર સમર્થન આપતા નથી.

ઉપરોકત વિગતે ફરિયાદપક્ષે રજૂ સમગ્ર પુરાવો ધ્યાને રાખતા ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદોનો પુરાવો ધ્યાને લેતા સાહેદના પુરાવાને અન્ય સ્વતંત્ર અને તટસ્થ સાહેદોના પુરાવાનું સમર્થન મળવું જરૂરી છે, પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરિયાદ પક્ષના જ સ્વતંત્ર

અને તટસ્થ એવા પંચસાહેદોએ પંચનામાને કોઈ સમર્થન આપેલ નથી, તેથી પંચનામું પુરવાર માની શકાય નહી. તેમજ ફરીયાદી પોતાની ફરીયાદને સમર્થનકારી જુબાની આપતા નથી. તથા ફરિયાદપક્ષે અન્ય કોઈ અન્ય સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલા નથી તેમજ બનાવનું સ્થળ જોતાં સ્વતંત્ર અને તટસ્થ સાહેદ મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ અન્ય સાહેદોને આ કામે સાહેદ તરીકે દર્શાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજૂ થયેલ નથી.

(૧૫) વધુમાં, સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતા પંચસાહેદ સિવાય અન્ય કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો તપાસના કામે લેવામાં આવેલ નથી તેમજ ફરીયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ પંચસાહેદોએ પોલીસે તેઓની હાજરીમાં આરોપી પાસેથી કહેવાતો મુદામાલ રીકવર કરવામાં આવેલ હોવા બાબતનો ઈન્કાર કરેલ છે. ત્યારે કહેવાતો મુદામાલ આરોપીઓના સભાન અને પ્રત્યક્ષ કબજામાંથી મળી આવ્યો હોય તે હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– : હુ ક મ : –

– – – – – – –

(૧) આ કામના આરોપીઓ **(૧)વિનોદ દશરથભાઈ સાધુ** ઉ.વ : ૨૭, ધંધો : પ્રા.નોકરી, રહેવાસી : વિનાયકનગર, નવી ભચાઉ–કચ્છ. **(૨)સંજયભાઈ મનોહરભાઈ પમવાણી** ઉ.વ : ૪૦, ધંધો : ગેરેજ, રહેવાસી : પ્લોટ

નં.–૪૩૨, વોર્ડ નં–૬/એ, આદીપુર, ગાંધીધામ–કચ્છ. **(૩)ગણેશભાઈ મનસુખભાઈ પ્રજાપતિ** રહે. નવી સુંદરપુરી, રામબાગ રોડ, બારોટની સામે, ગાંધીધામ–કચ્છ. **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૨૪૮(૧)** અન્વયે **ધી ગુજરાત પ્રોહિબીશન એકટ–૨૦૧૬ (સુધારા) અધિનિયમની કલમ:૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૯૮(૨),૮૧ ક** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૪૩૭ (એ)** અન્વયે આરોપીઓ એ અપીલ અદાલત સમક્ષ હાજર થવા સારુ **રૂા.૫,૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમ ના જાતમુચરકા રજૂ કરવા.

(૩) સદર કામે કબજે કરાયેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૮ મી, માહે : એપ્રીલ, સને : ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–

તારીખ :– ૨૮/૦૪/૨૦૨૬ **(એ. સાહુ)**

સ્થળ :– ગાંધીધામ–કચ્છ અધીક જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.

ગાંધીધામ–કચ્છ.

Code GJ.01429

P.S.THAKKAR